# ભાજપ જીએસટીમાં રાહતો આપી નારાજ ગુજરાતને મનાવી લેશે

ગાંધીનગર, તા. ૮
ગુજરાતની ચૂંટણી માટે પ્રચાર યુદ્ધ જામી રહ્યું છે. બુધવારે રાહુલ ગાંધીએ ખાસ તો સુરતમાં વેપારીઓ




સાથે ખુલીને ચર્ચા કરી હતી. કેમ કે, સુરત એ ગુજરાતનુ બિજનેસ હબ છે. અને એમાં પણ ખાસ તો હીરા ઉદ્યોગ માટે ભારતમાં જ નહિ બલકે વિશ્વમાં પણ બીજા નંબરે આવે છે. જો કે કેવળ સુરત જ નહિ પરંતુ રાજકોટ, અમદાવાદ, ભાવનગર, અલંગ જેવા શહેરોમાં હીરાથી લઈ સિરામિક, કાપડ, પાવર લૂમ્સ, કેમિકલ જેવા ઉદ્યોગો વૈશ્વિક લેવલે ગુજરાતની ઓળખ બનેલા છે. ત્યારે અહિ સીધી વાત છે કે ગુજરાતની મોટા ભાગની પ્રજા વેપારી છે. અને એટલે જ ગુજરાતીની ઓળખાણ વેપારી સમુદાય તરીકે થાય છે અને એટલે જ એના પર જીએસટીની અસર બહુ મોટા પ્રમાણમાં પડે એ સ્વાભાવિક છે.

અને વેપારીઓમાં રહેલ જીએસટી સામેના અસંતોષને ચૂંટણીઓ મુખ્ય મુદ્દો બનાવી કોંગ્રેસ ૨૨ વર્ષનો વનવાસ પૂર્ણ કરવા ઈચ્છે છે. જો એક ગુજરાતના કાપડના વેપારીઓ સહિતના વેપારીઓ ૧ જુલાઈથી જ જીએસટી વિરૂદ્ધ પ્રદર્શનો ચાલુ કરી દીધા હતા. પરંતુ હવે ચૂંટણી આવતા સરકારને લોકોના આ અસંતોષનો અહેસાસ થયો છે. અને ભાજપને પણ હવે આ વાતનો અહેસાસ થતા કોંગ્રેસ લાભ ખાટી જાય એ પહેલા ભૂલ સુધારી લેવા કેટલીય ચીજો પર ટેક્ષ ઘટાડવાની જાહેરાત કરી છે.

જો કે રાહુલે જીએસટીને ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનાવતા આ ટેક્ષને 'ગબ્બરસિંહ ટેક્ષ'' કહ્યો છે. અને એમાં પણ ખાસતો સુરતના કાપડના વેપારીઓ દ્વારા કરવામાં આવેલ પ્રદર્શન સૌથી આક્રમક હતુ. અને એને જ હથિયાર બનાવી કોંગ્રેસ હજુ પણ તેના માટે વેપારીઓ સાથે મીટીંગો કરશે.

જો કે ૭ ઓક્ટોબરે જીએસટી કાઉન્સીલે ૨૭ જેટલી ચીજો પર ટેક્ષ ઘટાડ્યો હતો. અને આ જાહેરાત ખાસ તો ગુજરાતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હોય એવું જણાય છે. કેમ કે જેની પર ટેક્ષ ઘટાડાયો છે તેમાં ટેક્ષટાઈલ્સ ઉદ્યોગ માટે બધાજ પ્રકારના સિન્થેટીક ફિલામેન્ટ યાર્ન જેવા કે નાયલોન, પોલીસ્ટાર અને મેન્મેડ સ્ટેપલ ફાઈબરથી બનેલ સિલાઈના દોરા જેવી ચીજોમાં રાહત આપવામાં આવી છે. તેમજ આ સિવાય ગુજરાતીઓના પ્રિય ખાખરા અને અનબ્રાન્ડેડ ખાદ્ય ચીજોને પણ ૫ ટકા સ્લેબ હેઠળ લાવવામાં આવ્યું છે.

અને ભાજપની આ લ્હાણી પાછળ ગુજરાતની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતીઓને નારાજગી દૂર કરવાનો પ્રયાસ છે. તો ગુજરાતના ખેડૂતોને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી રૂપાણીએ માઈક્રો સીંચાઈ ઉપકરણો પરથી જીએસટી હટાવવાની જાહેરાત કરી છે. અને હાલ નારાજ ગુજરાતીઓને મનાવવા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગઈકાલથી ડોર ટુ ડોર અભિયાન ચાલુ કર્યુ છે. અને લોકોને ઘરે ઘરે મળી મોદીની ઉપલબ્ધીઓની માહિતી આપે છે. ત્યારે હવે આ ગતિવિધિઓ બાદ શું ભાજપ નારાજ ગુજરાતીઓને મનાવી શકશે? અને આખરમાં બાજી મારી શકશે?

# નોટબંધી-જીએસટીથી વેપારીઓને ભારે નુકસાન

## રાહુલના મોદી સરકાર, ભાજપ ઉપર આકરા પ્રહારો : નોટબંધી-જીએસટીથી કલ્પી ના શકાય તેવું ભારે નુકસાન : જીએસટીમાં સુધારા માટે લડતો રહીશ

સુરત, તા. ૮
નોટબંધીના એક વર્ષ પૂર્ણ થયા નિમિતની પહેલી વરસીએ આજે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ





ગાંધીએ આજે ગુજરાતના ઔદ્યોગિક કેન્દ્ર એવા સુરતની મુલાકાત લીધી હતી. રાહુલ ગાંધીએ નોટબંધીના એક વર્ષ પૂર્ણ થયા બાદની સ્થિતિ અને જીએસટી પછીની તાજી સ્થિતિનો સુરતના વિવિધ વિસ્તારોમાં આવેલા કાપડના યુનિટો અને હીરાના કારખાનાઓમાં રૂબરૂ જઈ વાસ્તિવક તાગ મેળવ્યો હતો.

રાહુલ ગાંધીએ ઉદ્યોગકારો, કારખાનેદારો સહિતના સ્થાનિક લોકો સાથે વાતચીત કરી સાચુ ચિત્ર જાણ્યા બાદ જણાવ્યું હતું કે, નોટબંધી અને જીએસટીએ નાના વેપારીઓ અને ઉદ્યોગકારોને ખતમ કરી નાંખ્યા છે. રાહુલ ગાંધીએ મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, નોટબંધી અને જીએસટીથી કલ્પી ના શકાય તે હદે ભયંકર નુકસાન થયું છે. દેશ અને દેશના લોકોની આ દુર્દશા માટે મોદી સરકાર જવાબદાર છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, દેશવાસીઓના હિતમાં જીએસટીમાં સુધારા માટે હું સતત લડતો રહીશ. રાહુલ ગાંધીએ આજે સુરતના વિવિધ વિસ્તારોમાં પાવરલુમ્સ, એમ્બ્રોઈડરી, કાપડના ડાઈંગ યુનિટ અને હીરાના કારખાનાઓ સહિતના એકમોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

સ્થાનિક વેપારીઓ, ઉદ્યોગકારો અને કારખાનેદારો સાથે વાતચીત કરી નોટબંધી અને જીએસટીને લઈ વર્તાયેલી અસરો અને તેના પરિણામોની સાચી પરિસ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો. રાહુલ ગાંધીએ નાના વેપારીઓ, ઉદ્યોગકારો અને કારખાનેદારોની કફોડી હાલત જોઈ ભારે સંવેદનશીલતા વ્યકત કરી હતી અને મોદી સરકાર તેમજ ભાજપ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, મોદી સરકાર દ્વારા ઝીંકાયેલા નોટબંધી અને જીએસટીના મનસ્વી નિર્ણયના કારણે નાના વેપારીઓ અને ઉદ્યોગકારો બરબાદ થઈ ગયા છે. પાંચ લેયરનું જીએસટી માળખું કોઈપણ પ્રકારે ચાલી શકે નહી, ૨૮ ટકા જેટલો ઉંચો જીએસટી અસહનીય અને અવ્યવહારૂ છે. કોંગ્રેસે સૂચવેલા ફોર્મ્યુલા મુજબ, જીએસટી ૧૮ ટકાથી કોઈપણ રીતે વધવો જોઈએ નહી. જીએસટીમાં સુધારાઓ કરવા અનિવાર્ય છે અને કરવા જ પડશે. સુરતના વેપારીઓએ જીએસટી સામે લડત ઉપાડી ત્યારે પોલીસ દ્વારા સરકારના ઈશારે તેમને ડરાવી-ધમકાવી બેસાડી દેવામાં આવ્યા અને તેમની રજૂઆત સાંભળવા સુધ્ધાંમાં ના આવી. નોટબંધી અને જીએસટીએ નાના વેપારીઓ, દુકાનદારો, નાના ઉદ્યોગકારોના પગ કાપી નાંખ્યા. જીએસટીમાં સુધારા માટે મારી લડત ચાલુ રહેશે.

# અમદાવાદના કોટ વિસ્તારમાં વિજય રૂપાણીનો મહાસંપર્ક

## ભારત માતા કી જયના નારા સાથે રૂપાણી પ્રજાજનો વચ્ચે : જગન્નાથ મંદિરના મહંતના રૂપાણીએ આશીર્વાદ મેળવ્યા લઘુમતિ સમાજ દ્વારા સ્વાગત

અમદાવાદ, તા.૮
ભારત માતા કી જયના નારા સાથે અમદાવાદના ખાડિયા-જમાલપુર, બહેરામપુરામાં મુખ્યમંત્રી વિજય રૂપાણીનું ગુજરાત





ગૌરવ મહાસંપર્ક અભિયાન યોજાયું હતું. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજના આશીર્વાદ પણ રૂપાણીએ મેળવ્યા હતા. જમાલપુરમાં લઘુમતિ સમાજના લોકોએ પણ મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતું. બહેરામપુરામાં ગરીબ-અનુસુચિત જાતિના લોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ભાજપે સર્વસ્પર્શી અને સર્વ સનાવેશક વિકાસને વરેલી પાર્ટી છે. શાંત અને સલામત અને પ્રગતિશીલ ગુજરાત ભાજપનો મહામંત્ર છે. ૭મી નવેમ્બરથી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત થયા બાદથી આનો સિલસિલો જારી રહ્યો છે. આના ભાગરુપે વિજય રૂપાણીએ આજે જુદા જુદા વિસ્તારોમાં જનતા જનાર્દન સાથે સંપર્ક કર્યો હતો અને રોડ શો યોજ્યો હતો. અમદાવાદના સુપ્રસિદ્ધ મંદિરમાં પણ પહોંચ્યા હતા. રૂપાણીએ અમદાવાદ ખાતે આજના ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનના પ્રારંભે જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર અને દેશની મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર પ્રજાની સેવાને વરેલી છે. સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર સાથે કાર્ય કરી રહી છે. જનજનને તેનું સમર્થન ખાડિયા-જમાલપુર વિસ્તારમાં સમાવિષ્ટ તમામ સમુદાયના લોકોએ કરેલા સન્માન થકી આનો અહેસાસ થયો છે. લઘુમતિ સમુદાયના લોકો પણ વિકાસને સમર્થન આપી રહ્યા છે. કોંગ્રેસના નકારાત્મક વિવાદોને જાકારો આપી રહ્યા છે. ખાડિયા-જમાલપુર વિધાનસભાના ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં ભુષણ ભટ્ટ અને અન્ય કોર્પોરેટર અને ધારાસભ્યો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. ભાજપના પ્રદેશ પ્રવક્તાએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં ભાગ લેવા માટે આવતીકાલે કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રી તેમજ ટેક્સટાઈલ પ્રધાન સ્મૃતિ ઈરાની અમદાવાદ પહોંચશે. ભાજપના મિડિયા સેન્ટરની મુલાકાત લેશે. બીજી બાજુ ભાજપના કેન્દ્રીયમંત્રી હંસરાજ આહિર, જુનાગઢ અને રાજકોટ ખાતે મનોજ સિંહા પાટણ ખાતે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે. બીજી બાજુ ભાજપ યુવા મોરચા દ્વારા સમગ્ર ગુજરાતમાં ગૌરવ મહાસંપર્ક અભિયાનના ભાગરુપે આવતીકાલે કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આ હેઠળ ભાજપ યુવા મોરચાના કાર્યકરો સમગ્ર રાજ્યમાં ૫૮૬ મંડળોમાં સંપર્ક સાધશે.

ગુજરાત યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ઋત્વિજ પટેલ કલોલમાં કેઆરસી કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે સંપર્ક કરી ગુજરાત અને ભારત સરકારના વિકાસના કાર્યો લઈને સંવાદમાં જોડાયા છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ ખાતે યુવાનોનો સંપર્ક કરી ભાજપની વિચારધારાને રજૂ કરી હતી.

# વરાછામાં ભાજપના ગૌરવ મહાસંપર્ક અભિયાનનો વિરોધ

સુરતના મોટા વરાછામાં ભાજપનો પ્રચાર કરવા આવતાં લોકો સામે પાટીદારો રોષે ભરાયા હતા તેમજ પ્રચાર કરવા આવેલા લોકોને અટકાવ્યા હતા. વિરોધ કરી રહેલા પાટીદારો વિજય માંગુકિયા, ધાર્મિક માલવિયા, ચંદ્રેશ, ચિરાગ સાવલિયા તેમજ પાસ ટીમના ૧૨ પાટીદારોની અટકાયત કરવામાં આવી હતી. તમામને અમરોલી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. વરાછામાં ભાજપનો પ્રચાર કરવા આવતાં લોકોનો વિરોધ કરી રહેલા પાટીદારોની અટકાયત કરવામાં આવી હતી.

# BJPનું ફરમાન : સોશ્યલ મિડીયામાં એક્ટિવ હશે તેવા કેન્ડિડેટની લાયકાતના પોઈન્ટ વધી જશે

## મોદીએ શિખવાડ્યું, ભાજપે તો ગ્રહણ કર્યું નહીં, કોંગ્રેસે પાઠ ભણી લીધા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોની તમામ લાયકાતોની સાથે હવે સોશ્યલ મિડીયામાં કેટલા એક્ટિવ છે તેની એક વધારાની લાયકાત ઉમેરવામાં આવી છે. પહેલાં ભાજપે અને પછી કોંગ્રેસે તેમના કાર્યકરોને સૂચના આપી છે કે ડોર ટુ ડોર પ્રચારની સાથે સોશ્યલ મિડીયામાં પાર્ટીને મદદરૂપ થાય તેવી પોસ્ટ કરવી. ભાજપે તો એવી સૂચના આપી છે કે કેન્દ્રની મોદી સરકાર અને ગુજરાતની રૂપાણી સરકારની સિદ્ધિઓને સોશ્યલ મિડીયામાં બહોળી પ્રસિદ્ધિ આપવી કે જેથી ઓછા સમયમાં બહુમત લોકો સુધી એકસાથે પહોંચી શકાય.

બન્ને મુખ્ય પાર્ટીઓમાં ઉમેદવારોની પસંદગી થયા પછી સાયબર વોર શરૂ થવાનું છે. આ વોર ચૂંટણીના દિવસ સુધી ચાલુ રહેશે. સાયબર વોરની શરૂઆત દર વખતે ભાજપ કરે છે પરંતુ આ વખતે વિકાસ ગાંડો થયો છે... તેવી પોસ્ટ કરીને કોંગ્રેસે ચૂંટણી પ્રચાર ભાજપ પહેલાં શરૂ કરી દીધો છે. ગુજરાતમાં ખરેખર મોદીની ખોટ સાલે છે તેવું પાર્ટીના કાર્યકરોને લાગી રહ્યું છે, કારણ કે હાલ તેમને માર્ગદર્શન આપનારા નેતાઓ નથી.

સોશ્યલ મિડીયામાં વેબસાઈટ, ટ્વિટર, ફેસબુક, ઈસ્ટાગ્રામ, યુ-ટ્યુબ, એસએમએસ સર્વિસ મેઈલ અને વોટ્સઅપ આવે છે. મોદીએ ગુજરાતમાં ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાસસભા તેમજ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી જીતી હોય તો તેમાં સૌથી મોટો ફાળો સોશ્યલ માધ્યમનો છે. મોદીએ ગુજરાતમાં તેનો સૌથી વધુ ઉપયોગ કર્યો છે, પરિણામે કોંગ્રેસને પણ સોશ્યલ મિડીયાનો ઉપયોગ કરવાની ફરજ પડી છે.




મોદી દેશના વડાપ્રધાન બન્યા પછી કેન્દ્રની એનડીએ સરકારના મંત્રીઓ અને કેન્દ્ર સરકારની વેબસાઈટ તેમજ સોશ્યલ સાઈટ્સ જેવી કે ફેસબુક અને ટ્વિટર એટલા એક્ટિવ થયાં છે કે પહેલાં ક્યારેય ન હતા. યુપીએ સરકારમાં સોશ્યલ મિડીયાનો મર્યાદિત ઉપયોગ થતો હતો. આજે મોદી મંત્રીમંડળના સભ્યોના ટ્વિટર અને ફેસબુક એકાઉન્ટ લાખોમાં આવી ગયા છે. બીજી તરફ ગુજરાત સરકારમાં સોશ્યલ મિડીયાની મોટી ખોટ પડી છે. ગુજરાત સરકારની ભાગ્યેજ કોઈ એવી વેબસાઈટ હશે કે જે દૈનિક અપડેટ થતી હશે. માત્ર મુખ્યમંત્રી વિજય રૂપાણીની વેબસાઈટ વેલ અપડેટ છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ભાજપના તમામ નેતાઓને સૂચના આપી છે કે તેઓ સોશ્યલ માધ્યમોમાં કેન્દ્ર અને ગુજરાત સરકારનો વિકાસનો પ્રચાર અને પ્રસાર કરે. અમિત શાહે સોશ્યલ મિડીયામાં કોણ કોણ એક્ટિવ છે અને કોનું પરફોર્મ્સ પુઅર છે તેની યાદી મંગાવીને રિવ્યુ શરૂ કર્યો છે. સંગઠનના નેતાઓ, રૂપાણી કેબિનેટના મંત્રીઓ, ધારાસભ્યો અને સંસદસભ્યોને અમિત શાહે ખાસ સૂચના આપી છે કે તેમણે સોશ્યલ માધ્યમમાં એક્ટિવ રોલ અદા કરવો પડશે.

### મુખ્યમંત્રી વિજય રૂપાણી ફેસબુક અને ટ્વિટર ફોલોઅર્સ મેળવવામાં પ્રથમ

સોશ્યલ મિડીયામાં જ્યાં સુધી મુખ્યમંત્રી હતા ત્યાં સુધી આનંદીબહેન પટેલ એક્ટિવ હતા પરંતુ હોદ્દો છોડ્યા પછી તેઓ ઈનએક્ટિવ બન્યા છે. હવે તેમના સ્થાને હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણી એક્ટિવ છે. રૂપાણીના ફેસબુક ફોલોઅર્સની સંખ્યા ૧૫.૯૫ લાખ થવા જાય છે જે સૌથી વધુ છે. તેમના ટ્વિટર ફોસોઅર્સ ૧૦ લાખ છે. રૂપાણી પછી રાજ્ય આરોગ્યમંત્રી શંકર ચૌધરીનો ક્રમ આવે છે. શંકર ચૌધરીના ફેસબુક અને ટ્વિટર ફોલોઅર્સની સંખ્યા અનુક્રમે ૧૧.૯૦ લાખ અને ૨.૨૦ લાખ છે. કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા પણ ફેસબુક અને ટ્વિટર પર એક્ટિવ છે. તેમના ફોલોઅર્સ અનુક્રમે ૧.૭૨ લાખ અને ૧.૪૯ લાખ છે.

રૂપાણી સરકારના કેબિનેટ મંત્રી ગણપત વસાવા ફેસબુક પર ૪.૪૬ લાખ અને ટ્વિટર પર ૭૭ હજાર ફોલોઅર્સ ધરાવે છે, જ્યારે પ્રદિપસિંહ જાડેજા અનુક્રમે ૨.૫૬ લાખ તેમજ ૮૩ હજાર ફોલોઅર્સ ધરાવે છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના ફેસબુક એકાઉન્ટમાં ૨.૫૬ લાખ અને ટ્વિટર એકાઉન્ટ પર ૧.૭૩ લાખ ફોલોઅર્સ થયાં છે. રૂપાણી સરકારના મંત્રીઓમાં નાનુભાઈ વાનાણી, પરસોત્તમ સોલંકી, રાજેન્દ્ર ત્રિવેદી અને રોહિત પટેલ ૫ હજાર થી ૨૮ હજાર સુધીના ફેસબુક ફોલોઅર્સ ધરાવે છે, જ્યારે ટ્વિટર પર તેમના ફોલોઅર્સની સંખ્યા નહિંવત જોવા મળે છે.

કોંગ્રેસમાં સોશ્યલ મિડીયાનો સૌથી વધુ ઉપયોગ અર્જુન મોઢવાડિયા અને શક્તિસિંહ ગોહિલ કરે છે. મોઢવાડિયાના ફેસબુક ફેન ૪.૫૬ લાખ અને ટ્વિટર ફોલોઅર્સ ૭૬૩૦૦ છે. શક્તિસિંહના અનુક્રમે ૨.૯૫ લાખ અને ૫૫૪૦૦ છે. ભરતસિંહ સોલંકીના ફેસબુક પર ૧.૧૭ લાખ અને સિદ્ધાર્થ પટેલના એકાઉન્ટમાં ૨.૭૦ લાખ ફોલોઅર્સ છે. સિદ્ધાર્થ પટેલનું ટ્વિટર એકાઉન્ટ નથી પરંતુ ભરતસિંહ પાસે ૨૪૫૦૦ ફોલોઅર્સ છે. કોંગ્રેસના વિપક્ષના નેતા મોહનસિંહ રાઠવા સોશ્યલ મિડીયાના આગ્રહી નથી.

### બીજા નંબરે શંકર ચૌધરી, સત્તા ગયા પછી આનંદીબહેન ઇનએક્ટિવ બન્યા

# રાહુલ ગાંધી સુરતના રંગે

### રાહુલ ગાંધીએ સામાન્ય માણસની જેમ ચાની ચુસ્કી મારી

રાહુલ ગાંધીએ સુરતની મુલાકાત દરમ્યાન વરાછા રોડ પર એક નાની અમથી હોટલ પર સામાન્ય માણસની જેમ લોકોની વચ્ચે બેસી ચાની ચુસ્કી મારી હતી. રાહુલના આ સરળ સ્વભાવ અને સહજતાને લઈ સ્થાનિક લોકોથી માંડી રાજકીય વિશ્લેષકોએ તેની નોંધ લીધી હતી. રાહુલ ગાંધીએ સુરતની પ્રખ્યાત ડીશ લોચે, ખારી, ખમણ અને બિસ્કીટના નાસ્તાની જયાફત પણ માણી હતી.

### સામાન્ય કારીગરની જેમ રાહુલે હીરા પણ ઘસ્યા

સુરતમાં હીરાના મોટી સંખ્યામાં કારખાનાઓ આવેલા છે. જયાં આજની મુલાકાત દરમ્યાન રાહુલ ગાંધીએ હીરાની ઘંટી પર એક સામાન્ય કારીગરની જેમ અંગરથી જે રીતે હીરા ઘસાય તે રીતે ડાબા હાથમાં અંગૂર પકડીને રાહુલે ઘંટી પર હીરામાં પેલ પાડયા હતા. જે પાડેલા પેલને આઈ ગ્લાસથી જોઈને એક સામાન્ય કારીગરની મુદ્દામાં રાહુલ ગાંધીને જોઈ કારખાનેદારોથી માંડી સ્થાનિક લોકો મોંમાં આંગળા નાંખી ગયા હતા. રાહુલ ગાંધીએ કારીગરોને પડતી તકલીફ અને તેઓ જે વ્યથામાં પસાર થઈ રહ્યા છે, તેનો તાગ મેળવવા હીરા ઘસવાનો જાત અનુભવ કર્યો હતો.

### વેપારીઓને ડરાવાય છે, ધમકાવાય છે પણ સચ્ચાઇ દબાવી નહી શકાય

રાહુલ ગાંધીની સુરતમાં કાપડના ડાઈંગ યુનિટ, હીરાના કારખાનાઓ સહિતના એકમોમાં મુલાકાતને લઈ એક તબક્કે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોમાં થોડુ ઘર્ષણ જોવા મળ્યું હતું. રાહુલ ગાંધીની મુલાકાતને લઈ




સ્થાનિક વેપારીઓ, કાપડના ઉદ્યોગકારો અને હીરાના કારખાનેદારો તથા જોબવર્ક કરતી મહિલાઓ એકબાજુ ખુશુ અને ઉત્સાહિત જણાતી હતી તો બીજીબાજુ, ભાજપના કાર્યકરોમાં આ વાતને લઈ નારાજગી જોવા મળતી હતી અને તેઓ મોદી-મોદીના નારા લગાવતાં જોવા મળ્યા હતા. જેને પગલે એક તબક્કે બંને પક્ષના કાર્યકરો આમને સામને આવી ગયા હતા. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, સરકારના ઈશારે સ્થાનિક પોલીસ દ્વારા વેપારીઓ, કારખાનેદારોને ડરાવાય છે, ધમકાવાય છે પરંતુ સચ્ચાઈ કયારેય દબાવી શકાતી નથી. મોદી સરકાર અને ભાજપનો અસલી ચહેરો પ્રજાને ખબર પડી ગઈ છે.

### લોકસંવાદમાં એક વેપારીએ કહ્યું, હું ફાંસો લગાવી લટકી જઇશ

રાહુલ ગાંધીએ આજે સુરતમાં સાંજે વેપારીઓ, કારખાનેદારો અને ઉદ્યોગકારો સાથે કરેલા સીધા સંવાદમાં જણાવ્યું હતું કે, આજે દેશમાં બેરોજગારી એ સૌથી મોટો રાષ્ટ્રીય પડકાર છે. પણ હું આજે સુરતની ફેકટરીઓ, તમારા ઘરોમાં કામ કરતી અને જોબવર્ક કરતી મહિલાઓ અને તમારી કામ કરવાની શકિત જોઈ ખુશ થયો છું. મને વિશ્વાસ છે કે, ચીનને મુકાબલો આપવા માટે ગુજરાત ખાસ કરીને સુરત સક્ષમ છે. ૨૧મી સદીની મેન્યુફેકચરીંગ સીસ્ટમ મેં સુરતમાં જોઈ હું પ્રભાવિત છું અને હું તમને સાચા દિલથી આશ્વાસન આપુ છું કે, આ મેન્યુફેકચરીંગ સીસ્ટમને પ્રોત્સાહન કે મદદ આપવા હું સદાય તત્પર રહીશ પછી ભલે અમે સરકારમાં હોઈએ કે ના હોઈએ પરંતુ અમે તમારી સાથે છીએ. આ સમયે શશીકાંત નામના એક વૃદ્ધ વેપારીએ ઉભા થઈ નોટબંધી અને જીએસટીના નિર્ણયને લઈ તેની બંધ પડેલી ફેકટરી, ભાગી ગયેલા કારીગરો સહિતના મુદે રાહુલ ગાંધી સમક્ષ વ્યથા ઠાલવી હતી અને એક તબક્કે હું ફાંસો લગાવી લટકી જઈશ એવી હિંમત હારતી વાત કરી હતી. જેથી રાહુલ ગાંધીએ ભારે સંવેદના સાથે તેમને મદદનું આશ્વાસન આપ્યું હતું અને હિંમત નહી હારવા જણાવ્યું હતું.